**વલસાડ જિલ્લા પંચાયતની ૩૨ બેઠકમાંથી ભાજપે ૩૦ જીતી શાસન અકબંધ રાખ્યું, કોરોનાની જેમ વલસાડ કોંગ્રેસમુક્ત**

# કોંગ્રેસ સાફ, વલસાડ તા.પં.માં એક પણ સીટ નહીં

**જિલ્લા** પંચાયતની ૩૬ બેઠક પૈકી ૪ બેઠક ભાજપે પહેલા જ બિનહરીફ મેળવી લીધી હતી

**કોંગ્રેસે** સિલ્ધા જિલ્લા પંચાયતની બેઠક જીતી જ્યારે સરીગામની બેઠક ઉપર અપક્ષ મહિલા વિજેતા થઈ



વાપી, વલસાડ : વલસાડ જિલ્લા પંચાયતમાં ભાજપે ૩૨ બેઠકો પૈકી ૩૦ બેઠકો ઉપર જોરદાર વિજય મેળવી ફરીથી જિલ્લા પંચાયતમાં ભગવો લહેરાવ્યો છે. ભાજપે પહેલા જ ચાર બેઠકો બિનહરીફ મેળવી લીધી હતી.

આમ ભાજપની જિલ્લા પંચાયતમાં ૩૪ બેઠકો સાથે પૂર્ણ બહુમતી મેળવી લીધી છે. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસે સિલ્ધાની એસટી મહિલા બેઠક જીતી લીધી છે. આ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર જશોદાબેન કિરણભાઈ જાદવનો વિજય થયો છે. આ ઉપરાંત સરીગામની બેઠક ઉપર અપક્ષ ઉમેદવાર નુતનબેન જીતેન્દ્રભાઈ ભંડારીનો વિજય થયો છે. સરીગામની સામાન્ય બેઠક ઉપર મહિલા અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. જોકે ભાજપે ૩૪ બેઠકો સાથે વલસાડ જિલ્લા પંચાયતમાં ફરી શાસન મેળવ્યું છે.

વલસાડ તાલુકા પંચાયતની બેઠક ઉપર 32 જેટલી સીટ હતી જેમાં કોંગ્રેસે અને આપે ઉમેદવારો ઉતાર્યા હતાં. આજરોજ પોલી ટેક્નિકલ કોલેજ ઉપર ઇલેક્શનનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં 32 સીટ ઉપર કોંગ્રેસના તથા આપના એક પણ ઉમેદવારો ના જીતતા વલસાડ તાલુકામાંથી કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા છે અને સવારથી જ કોંગ્રેસના કાર્યકર્તાઓ તથા એમના મોટા નેતાઓ પણ પરિણામ જાણવા માટે બહાર આવ્યા ન હતાં. તેમને પહેલેથી ખબર પડી ગઈ હતી કે, કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા છે. વલસાડ તાલુકા પંચાયતની 32 સીટ ઉપર ભાજપે 31 નો વિજય મેળવ્યો છે જ્યારે એક સીટ અપક્ષના ફાળે ગઈ છે. વલસાડ તાલુકાના કલવાડા સીટ ઉપર જિલ્લા પંચાયતની કદાવર નેતા તરીકે ગણાતી જયશ્રીબેન પટેલ ઉમેદવારી કરી હતી. પણ તેમની પણ કાયમી હાર થઈ છે. જ્યારે પારનેરા બેઠક ઉપર જિલ્લા પંચાયતના પ્રકાશભાઈ પટેલે ઉમેદવારી કરી હતી તેમની પણ હાર થઈ છે.

પ્રકાશભાઈએ જણાવ્યું હતું કે, તાલુકા લેવલે કોંગ્રેસના કાર્યકર્તા ન હોવાના કારણે તેમની કાયમી હાર થઈ છે. કોંગ્રેસમાંથી રાજીનામું આપવાનું પણ જણાવી રહ્યા છે. કોંગ્રેસની આવી જ હાલત રહેશે તો કોઈ દિવસ વલસાડ જિલ્લામાંથી કોરોના મુક્ત થયેલા તે રીતના કોંગ્રેસ મુક્ત થશે.

## કપરાડા તાલુકા પંચાયતની 18-જિ.પં.ની 4 બેઠક ઉપર કેસરિયો લહેરાયો

**જિલ્લા** પંચાયતની 1 અને તા. પં.ની 4 બેઠક કોંગ્રેસના ફાળે, કદાવર તમામ નેતા વિજેતા



વલસાડ : 26 એપ્રિલે સ્થાનિક સ્વરાજની યોજાયેલી ચૂંટણીઓની કપરાડા તાલુકા પંચાયતની મત ગણતરી કપરાડા સરકારી વિનયન કોલેજ ખાતે અને નાનાપોંઢા તાલુકાની એન.આર. રાઉત હાઇસ્કુલમાં યોજાઈ હતી.

તાલુકા પંચાયતના માજી પ્રમુખ હીરાબેન માહલા સિલ્ધા બેઠક ઉપર ચૂંટણી હારી જતા અપસેટ સર્જાયો છે. તો બીજી તરફ કપરાડા જિલ્લા પંચાયત બેઠક ઉપર સતત ત્રીજીવાર દક્ષાબેન ચંદર ગાયકવાડ વિજેતા બન્યા હતાં. જ્યારે તાલુકાની 4 બેઠકો કોંગ્રેસના ફાળે ગઈ હતી.

જ્યારે જિલ્લા પંચાયતની 5 પૈકી 4 ભાજપ અને એક કોંગ્રેસના ફાળે ગઈ હતી. જ્યારે વડોલી જિલ્લા પંચાયત બેઠક ઉપર શિક્ષિત મહિલા ઉમેદવારે રેણુકાબેન ઉદારના કોંગ્રેસના ઉમેદવાર સામે વિજય થયો હતો. તો આમ આદમી પાર્ટી એકપણ બેઠક જીતી શકી ન હતી. બીજી તરફ જેમ વિજેતા ઉમેદવારો બહાર નીકળતા હતા. તેમ સમર્થકો ભાજપનો જયઘોષ કરતા હતાં.

### કપરાડા તાલુકા પંચાયતના વિજેતા

| બેઠક | નામ | પક્ષ |
|---|---|---|
| આંબાજંગલ | કાકડ ગાંવિત | ભાજપ |
| આસલોના | કિશન રાથડ | ભાજપ |
| અસ્ટોલ | ચેતન ઓલ્બા | ભાજપ |
| ચાવશાળા | સુશીલા કેસરે | ભાજપ |
| ઘોટન | રુસ્તમ સાનકરા | ભાજપ |
| કપરાડા | ધાકલ દુમાડા | ભાજપ |
| કરચોંડ | વિનોદ ગીરઘલી | કોંગ્રેસ |
| કરજુન | ભરત ગાવથા | ભાજપ |
| ખડકવાળ | અરુણા ખાડમ | ભાજપ |
| મેઘવાળ | ગોવિંદ બોરસા | ભાજપ |
| મેણઘા | સીતરૂબેન ખાન્યા | ભાજપ |
| મો.પલસાન | મુલીબેન તુમદા | ભાજપ |
| ના.પલસાણ | મનીષા નાવતરા | ભાજપ |
| નારવડ | જિગીષા વાઘેરા | ભાજપ |
| સિલઘા | પ્રતિભા જાદવ | કોગ્રેસ |
| સુલીયા | મનીષા ગોંડ | કોગ્રેસ |
| તેરીચીખલી | ઇન્દુ વાતાસ | ભાજપ |
| વાડી | રવિના થાળકર | ભાજપ |
| વારોલીજંગલ | પાતુ ચોધરી | કોગ્રેસ |
| વાવર | રમેશ પવાર | ભાજપ |
| વીરક્ષેત્ર | કાશું ભસરા | ભાજપ |
| વડોલી | ઉત્તમ પવાર | ભાજપ |

### ભગવાન બાતરીની હેટ્રિક : સતત ત્રીજીવાર વિજેતા

મેઘવાળ જિલ્લા પંચાયત બેઠકના ભાજપના ઉમેદવાર ભગવાન બાતરીએ સતત ત્રીજી વખત વિજેતા બની તાલુકામાં હેટ્રિક સર્જી છે.

### કપરાડા તાલુકા-જિ.પં.ના વિજેતા ભાજપના ઉમેદવારો

| બેઠક | નામ |
|---|---|
| આસલોના | સીતારામ ચોધરી |
| કપરાડા | દક્ષાબેન ગાયકવાડ |
| મેઘવાળ | ભગવાન બાતરિ |
| વડોલી | રેણુકાબેન ઉદાર |
| સીલધા | જશોદા જાદવ |

# વાપી મનપાની પહેલી ચૂંટણીમાં કમળ ખીલ્યું

### વોર્ડ નં. 1



| ઉન્નતિ પટેલ | ભૂમિકા પટેલ | મયુર પટેલ | સંદિપ પટેલ |
|---|---|---|---|
| 4761 | 4552 | 4482 | 4382 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 2



| અંજના પટેલ | ઉષા ઢોલરિયા | કૌશિક પટેલ | યોગેશ પટેલ |
|---|---|---|---|
| 7063 | 6823 | 6634 | 6336 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 3



| દક્ષા હળપતિ | વિજય પટેલ | સમસુદ્દીન ચૌધરી | સુનિતા તિવારી |
|---|---|---|---|
| 3546 | 3382 | 3157 | 2981 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા


### વોર્ડ નં. 4



| ચાર્મી વશી | દર્પણ દેસાઈ | દક્ષા પટેલ | દેવેન્દ્ર પટેલ |
|---|---|---|---|
| 2909 | 3142 | 2850 | 2849 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 5



| કવિતા દુધેયા | દેવલ દેસાઈ | સતિષ પટેલ | સન્ની પટેલ |
|---|---|---|---|
| 4234 | 4189 | 4044 | 4055 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 6



| તસ્લીમ બાબુલ | ધર્મેશ પટેલ | ભવલેશ કોટડીયા | મિત્તલ નંદાણીયા |
|---|---|---|---|
| 3418 | 3636 | 3251 | 3197 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

**વાપી વોર્ડ નં** 12ની એએસપી પેનલના માજી સરપંચ જીતેન્દ્રભાઈએ કનુભાઈ દેસાઈના કાર્યાલય જઈ પેનલ સાથે ભાજપમાં પ્રવેશ કર્યો



વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીમાં ભાજપે 37 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે. જે ૧૧ ગામોના છ વોર્ડમાંથી પાંચ વોર્ડમાં ભાજપનું કમળ ખીલતાં ભાજપે જીત મેળવી હતી. આ ચૂંટણીમાં મનપામાં જોડાયેલા ગામોમાં ભાજપને જીત મળતા ગામડાઓ ભાજપ સાથે રહ્યા છે. ચૂંટણીમાં કોંગ્રેસનો દેખાવ સારો રહ્યો છે. કોંગ્રેસની બે વોર્ડમાં આખી પેનલ વિજેતા બની હતી. એક વોર્ડમાં એક બેઠક ગુમાવી ત્રણ બેઠકો કબજે કરી હતી. આમ કોંગ્રેસની 11 બેઠકો સાથે વિપક્ષમાં ઉપસ્થિતિ એ પણ આ ચૂંટણીમાં નોંધપાત્ર બાબત રહી છે. વાપી મનપાની 51 બેઠકો માટે મત ગણતરી શરૂ થઇ હતી. સૌથી મોટો વિસ્તાર ધરાવતા કુંતા, વટાર અને મોરાઈના વોર્ડ નં.૧માં ભાજપની આખી પેનલ વિજેતા થઇ હતી. અહીં શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશભાઈ શાહનો પરાજય થયો હતો. જ્યારે સલવાવ, છરવાડા, બલીઠાના ગામોના વોર્ડ નં.૨માં સરીગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ કૌશિકભાઈ પટેલનો વિજય થયો હતો. તેમની સાથે ભાજપની આખી પેનલ વિજેતા થઇ હતી. જ્યારે છીરીનો વોર્ડ નં.૩માં પણ ભાજપની આખી પેનલ, કરવડની વોર્ડ નં.૪માં પણ ભાજપની પેનલ, વોર્ડ નં.૫માં વીઆઈએના પ્રમુખ તેમજ વાપી શહેર ભાજપના પ્રમુખ સતિષ પટેલ સાથે આખી પેનલ, વોર્ડ નં.૬ વોર્ડ નં.૭ અને વોર્ડનં.૮માં પણ ભાજપની પેનલ અને વોર્ડ નં.૭માં ત્રણ બેઠકો માટે ચૂંટણી હતી. આ વોર્ડમાં ભાજપે એક બેઠક બિનહરીફ પહેલા જ મેળવી લીધી હતી. વોર્ડ નં.૯માં ભાજપના પૂર્વ શહેર પ્રમુખ મિતેષ દેસાઈ સાથે ભાજપની આખી પેનલ અને વોર્ડ નં.૧૦માં કોંગ્રેસના પીરુભાઈ મકરાણી સાથે આખી પેનલ કોંગ્રેસની વિજેતા થઇ હતી. વોર્ડનં.૧૧માં કોંગ્રેસના ખંડુભાઈ પટેલ સાથે ત્રણ બેઠકો કોંગ્રેસને જ્યારે એક બેઠક ભાજપના ફાળે ગઈ હતી. વોર્ડ નં.૧૨માં આદિવાસી સેવા પાર્ટીની માજી સરપંચ જીતેન્દ્રભાઈ માહ્યાવંશીની આખી પેનલ અને ચણોદમાં જીતુભાઈની પેનલનો વિજય થયો હતો. વોર્ડ નં.૧૩માં કોંગ્રેસની આખી પેનલ વિજેતા થઈ હતી. ત્રણ પ્રાંત અધિકારી તેમજ ડીવાયએસપી બી.એન.દવેની ઉપસ્થિતિમાં સારા વાતાવરણમાં મતગણતરી થઈ હતી.

### વોર્ડ નં. 7



| ખુશ્બૂ નાયકા | જયેશ કંસારા | મનીષા દાયમા | ધરમ પટેલ |
|---|---|---|---|
| 2934 | 2860 | 2664 | બિનહરીફ |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 13



| ક્રિષ્ના ભાનુશાલી | દિનેશ પ્રસાદ | દિપક પટેલ | નરગિશ ખાન |
|---|---|---|---|
| 2830 | 2744 | 2622 | 2610 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 12



| અસ્મિતા પટેલ | જીતેન્દ્ર માહ્યવંશી | રેશ્મા પટેલ | સ્નેહલ પટેલ |
|---|---|---|---|
| 2715 | 2951 | 2746 | 2707 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા


### વોર્ડ નં. 11



| ખંડુ પટેલ | જેતલ પટેલ | નસરીન પાનવાલા | હર્ષદ પટેલ |
|---|---|---|---|
| 2420 | 2128 | 2159 | 2067 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 10



| અજય મહેતા | ઉરમિલા યાદવ | પીરૂ મકરાણી | સ્મિતા પટેલ |
|---|---|---|---|
| 3869 | 3683 | 3997 | 3448 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 9



| ટીના હળપતિ | મિતલ શાહ | મિતેષ દેસાઈ | વિપુલચંદ્ર પટેલ |
|---|---|---|---|
| 2772 | 2965 | 2804 | 2571 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં. 8



| નેહલ નાયક | પ્રિયંકા કહાર | બિમલ શાહ | રણજીત પટેલ |
|---|---|---|---|
| 4076 | 3998 | 3854 | 3494 |

ઉમેદવારોને મળેલા મતોની સંખ્યા

### વોર્ડ નં.૧૧માં પછાતવર્ગની બંને મહિલા વિજેતા થઈ

વાપી મનપાના વોર્ડ નં.૧૧ની મતગણતરી વખતે કોંગ્રેસના પછાતવર્ગ સ્ત્રી બેઠકના ઉમેદવાર નસરીનબેન નાસીરભાઈ પાનવાલાને ૨૧૫૯ મત મળતા તેમને વિજેતા જાહેર કર્યા હતા. અહીં ભાજપના પછાતવર્ગના સ્ત્રી બેઠકના ઉમેદવાર જેતલબેન મંગેશભાઈ પટેલને ૨૧૨૮ મત મળ્યા હતા. તેમને સ્ત્રીની સામાન્ય બેઠક ઉપર સામાન્ય સ્ત્રીના ઉમેદવારોથી વધુ મત હોવાથી વિજેતા જાહેર કર્યા હતા.

### પોસ્ટલ વોટને લઈને ભાજપ-કોંગ્રેસમાં રસાકસી

વોર્ડ નં.૧૧ માં કોંગ્રેસના વિજેતા ઉમેદવાર હર્ષદકુમાર પટેલને ૨૦૬૭ મત મળ્યા હતા. જ્યારે ભાજપના ઉમેદવાર દિવ્યેશકુમાર પટેલને ૨૦૬૫ મત મળ્યા હતા. એક પોસ્ટલ વોટ ભાજપના ઉમેદવારને મળ્યો હતો. તે સમયે બીજા બે પોસ્ટલ મત પત્રોને લઈને ભારે ખળભળાટ મચ્યો હતો. જોકે પારડીના પ્રાંત અધિકારી તેમજ ચૂંટણી અધિકારી નિરવભાઈ પટેલે બે પોસ્ટલ વોટ એકરારનામા પર સહી નહીં હોવાથી રદ જાહેર કરતા કોંગ્રેસના ઉમેદવાર હર્ષદકુમારનો બે મતથી વિજય થયો હતો. આમ આ સમયે કોંગ્રેસ-ભાજપ વચ્ચે મત ગણતરી સ્થળે રોમાંચક સ્થિતિ થઈ ગઈ હતી.

### એએસપીના જીતુભાઈ સહિત ચાર ઉમેદવાર ભાજપમાં

વાપી મનપાના વોર્ડ નં.૧૨ની આખી પેનલ જીત્યા બાદ ભાજપમાં સામેલ થઈ ગઈ હતી. ચણોદના માજી સરપંચ જીતેન્દ્રભાઈ માહ્યાવંશી તેમજ જીતેલી પેનલે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના કાર્યાલયમાં જઈને ભાજપનો ખેસ ધારણ કરી ભાજપમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈએ જણાવ્યું વાપીના લોકોએ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના વિકાસના કામોને જોઈને વાપી મનપામાં ભાજપને મોટી જીત અપાવી છે.

### વાપીના લોકોએ ભાજપને વિકાસના કારણે મોટી જીત અપાવી

વાપી વિસ્તારના ધારાસભ્ય તેમજ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ 'ગુજરાતમિત્ર' સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ભાજપના વિકાસના કામોને લોકોએ વધાવીને વાપી મનપામાં ભાજપને મોટી જીત અપાવી છે. વાપીમાં આગામી દિવસોમાં પણ વિકાસયાત્રા ચાલતી રહેશે.

# નાનાપોંઢા તા.પં.ની 20 પૈકી 18 ભાજપ અને 2 કોંગ્રેસે કબજે કરી

**જિ.પં.ની** તમામ 4 બેઠક ભાજપ પાસે

**નાનાપોંઢા** સરપંચ અને ભાજપના ઉમેદવાર મુકેશ પટેલે તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશ પટેલને હરાવી અપસેટ સર્જ્યો



વલસાડ : નાનાપોંઢા તાલુકા પંચાયતની 20 બેઠકો પૈકી 18 બેઠકો ભાજપે અને 2 કોંગ્રેસે કબ્જે કરી છે. જ્યારે જિલ્લા પંચાયતની તમામ 4 બેઠકો ભાજપે કબજે કરી છે. જ્યારે આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારો હારી ગયા છે. સૌથી મોટો અપસેટ બહુ ચર્ચિત સુખાલા તાલુકા પંચાયત બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર અને ગુજરાત યુથ કોંગ્રેસના આગેવાન અને પૂર્વ તાલુકા પંચાયત કપરાડા સભ્ય કુંજાલી પટેલે ભાજપના ઉમેદવારને હરાવી રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. કારણકે, ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધી તેમને ટિકિટ ફાળવવામાં ન આવતા તેઓ નારાજ થતાં પ્રચારથી દૂર રહ્યા હતાં. પ્રદેશ નેતાઓના હસ્તક્ષેપ બાદ છેલ્લી ઘડીએ તેમને મેન્ડેટ આપવામાં આવ્યો હતો. જોકે હવે તેમનો વિજય થયો છે. નાનાપોંઢા તાલુકાની જિલ્લા પંચાયતની તમામ 4 બેઠકો ભાજપે કબજે કરી છે. જેમાં નાનાપોંઢા દક્ષા ચૌધરી, મોટાપોંઢા અરવિંદ પટેલ, અંભેટી મિતેષ પટેલ, માંડવા તૃપ્તિ દિનેશ ધનગરીયાનો સમાવેશ થાય છે.

### ભત્રીજાએ કાકાને હરાવ્યા

નાનાપોંઢા તાલુકા પંચાયત બેઠક ઉપર ભાજપના ઉમેદવાર મુકેશ પટેલે આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને તેમના કાકા હરેશ પટેલને હરાવી વિજેતા બન્યા છે.

### નાનાપોંઢા તા.પં. બેઠક વિજેતા ઉમેદવારો

| બેઠક | ઉમેદવાર | પક્ષ |
|---|---|---|
| અરનાઈ | મીના ભોયા | ભાજપ |
| ચિવલ | જીતેન્દ્ર પટેલ | ભાજપ |
| ડહેલી | વિનોદ પટેલ | ભાજપ |
| જીરવલ | કલ્પના ભીસરા | ભાજપ |
| જોગવેલ | સુલોચના કુરકુટીયા | ભાજપ |
| કોઠાર | મનીષા પટેલ | ભાજપ |
| માંડવા | છનાભાઈ માહતું | ભાજપ |
| મોટીવાહિયાળ | હિતેશ પટેલ | ભાજપ |
| નાનાપોંઢા | મુકેશ પટેલ | ભાજપ |
| ઓઝરડા | દીલુ ચોધરી | ભાજપ |
| અંભેટી | બિપિન પટેલ | ભાજપ |
| કાકડકોપર | વૈશાલી પટેલ | ભાજપ |
| કોપરલી | વિજય પટેલ | ભાજપ |
| લવાછા | નિકિતા આહીર | ભાજપ |
| મોટાપોંઢા | ગુણવંતી રોહિત | ભાજપ |
| મોટાપોંઢા.2 | મહેશ પટેલ | ભાજપ |
| મોટીતંબાડી | રમીલા પટેલ | ભાજપ |
| નાની તંબાડી | તુષાર પટેલ | ભાજપ |
| રાતા | ભદ્રેશ પટેલ | ભાજપ |
| સુખાલા | કુંજાલી પટેલ | કોંગ્રેસ |
| -- | -- | -- |

### કોંગ્રેસના ઉમેદવાર એવા પતિ-પત્ની બંને ચૂંટણી હાર્યા

નાનાપોંઢા તા.પં.બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર અને કોંગ્રેસ તાલુકા પ્રમુખ હરેશ પટેલને ભાજપના ઉમેદવાર અને નાનાપોંઢા સરપંચ મુકેશ પટેલે હરાવ્યા જ્યારે તેમની પત્ની કલ્પનાબેન પટેલ જેઓ નાનાપોંઢા જિલ્લા પંચાયત બેઠક ઉપર કોગ્રેસના ઉમેદવાર હતા તેઓ પણ ભાજપના ઉમેદવાર દક્ષાબેન ચૌધરી સામે હારી જતા પતિ અને પત્ની બંને ચૂંટણી હારી ગયા છે.




### વેચાણ અંગેની જાહેર નોટિસ

ડીસ્ટ્રીક્ટ : નવસારી, સબ - ડીસ્ટ્રીકટ: ચીખલી મોજે ગામ : દેગામ,તાલુકો: ચીખલી, જિલ્લો : નવસારી ખાતે આવેલ ખાતા નંબર :૧૬૩૯, જુનો બ્લોક નં :૧૧૧,૧૧૨ નવો બ્લોક નં :૨૧૦,૨૧૧ જેનુ કુલ્લે ક્ષેત્રફળ હે.આ.રે.ચો.મી.૦-૧૭-૪૧જેનો આકાર રૂા.૧.૪૫ અને ૨.૬ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીત (૧) શૈલાબેન હિતેન્દ્રકુમાર મોદી (૨) વિક્રાંત હિતેન્દ્રકુમાર મોદી નાઓએ પોતાની સંપુર્ણ સંયુકત માલિકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી તે જમીન નબોજી, નકરજી, ચોખ્ખું ચોખ્ખો માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી અમારા અસીલ સંગીતાબેન ગોવિંદભાઈ ખલાસીને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, કબજો, ગીરો કે લીયન ઈત્યાદી હોય અગર તો સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, નાણાંકીય સંસ્થા ઈત્યાદીનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી અમોને જરૂરી પુરાવાઓ સાથે દિન - ૫ માં લેખિતમાં જાણ કરવી, નોટીસની મુદત વિત્યેથી સદરહુ જમીનના ટાઈટલ માલિકોથી કલીયર અને માર્કેટબલ હોવાનું તથા બોજા રહિત હોવાનું માની તેમજ સદરહુ જમીનમાં ઉપરોકત માલિકો સિવાય અન્ય કોઈના હકક, હિત, હિસ્સા નથી અને હોય તો જતા કર્યા એટલે કે વેવ કર્યા છે, એમ ગણી સદરહુ જમીન અંગે મારા અસીલ રજીસ્ટર્ડ પાકા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર - તકરાર ચાલશે નહી, જેની આથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**મનીષા એમ. ગુપ્તા - એડવોકેટ**
ઓફીસ: વિજયનગર શોપિંગ સેન્ટર, સમરોલી, તા.ચીખલી, જી.નવસારી. મો.નં. 8780631118